## ડાયરેક્ટ ❤ સે

ના તારી
આદત સમજમાં આવે છે
ના તારી અદા
ઓ જિંદગી
તું રોજ નવી હોય છે
પણ મૂંઝવણો
એની એ જ આપે છે

## જન્મદિને વધામણી



દિલીપભાઈ રમેશચંદ્ર રાવલ
વાસ્તુશાસ્ત્રી
મો. ૯૯૨૪૬ ૧૮૯૫૧



સમય સ્વામી
મો. ૭૦૧૬૯ ૦૫૭૬૬

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

# એલએલબીની ડિગ્રીને સ્નાતકની ડિગ્રી ગણવી કે નહીં ?

## કાયદાની સ્નાતકની ડિગ્રી બે વર્ષની ગણાય કે ત્રણ વર્ષની ? એની ચર્ચા અને સ્પષ્ટતા માગી લેતો રસપ્રદ કેસ હાઈકોર્ટમાં આવ્યો

ગાંધીનગર, તા. ૬

LLB(કાયદા)ના ત્રણ વર્ષને સ્નાતકની ડિગ્રી ગણવી કે કેમ એવા પેચિદો પ્રશ્ન સાથેનો મામલો હાઈકોર્ટ સમક્ષ ઉપસ્થિત થયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ આસિસ્ટન્ટ મેનેજરની પોસ્ટ માટે એક ઉમેદવારને LLBના થર્ડ યર નહીં પરંતુ સેકન્ડ યરના પરિણામના આધારે કોલ લેટર આપવાની ના પાડી દેતાં સમગ્ર મામલો હાઈકોર્ટમાં આવ્યો છે. અરજદારે રજૂઆત કરી છે કે LLBના ત્રણ વર્ષની ડિગ્રી જ સ્નાતક(ગ્રેજ્યુએટ)ની ડિગ્રી ગણાય. પરંતુ એએમસી સેકન્ડ યરને સ્નાતક ગણીને અરજદારને આવેલા પાસ ક્લાસના આધારે તેને પરીક્ષામાં બેસવા માટેનો કોલ લેટર આપ્યો નથી. જસ્ટિસ બીરેન વૈષ્ણવે આ રિટમાં અરજદારને વચગાળાની રાહત આપી, નવમી જૂને યોજાનારી પરીક્ષામાં તેને બેસવા દેવાનો આદેશ કર્યો છે. સાથે જ કોર્પોરેશનને નોટિસ પાઠવી કેસની વધુ સુનાવણી ૧૮મી જૂન મુકરર કરાઈ છે. કાયદાની સ્નાતકની ડિગ્રી બે વર્ષની ગણાય કે ત્રણ વર્ષની ? એની ચર્ચા અને સ્પષ્ટતા માગી લેતો રસપ્રદ કેસ હાઈકોર્ટમાં આવ્યો છે. જેમાં અરજદાર વિનુભાઈ મોહનભાઈ પરમારે હાઈકોર્ટમાં રિટ કરીને એ મતલબના મુદ્દા ઉપસ્થિત કર્યા છે કે,'૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ કોર્પોરેશન દ્વારા આસિસ્ટન્ટ મેનેજરની પોસ્ટ માટેની જાહેરાત અપાઈ હતી. જેમાં સ્નાતકમાં સેકન્ડ ક્લાસ અને ૧૦ વર્ષનો વહીવટી અનુભવ ઉમેદવારોની યોગ્યતા રખાઈ હતી. અરજદાર કોર્પોરેશનમાં જ પટાવાળા અને ત્યારબાદ જુનિયર ક્લાર્ક તરીકે રહી ચૂક્યા છે. હાલમાં તે સિનિયર ક્લાર્કની પોસ્ટ પર છે. તેમને કુલ ૩૧ વર્ષ નવ મહિનાનો અનુભવ છે.

અરજદારે વર્ષ ૨૦૦૬માં થર્ડયર LLB સેકન્ડ ક્લાસ સાથે પાસ કર્યું છે. તેથી તે કોર્પોરેશનની પ્રસ્તુત પોસ્ટ માટે યોગ્યતા ધરાવતા હોઈ અરજી કરી હતી. જો કે અન્ય ઉમેદવારોને પરીક્ષાના કોલ લેટર્સ અપાયા પરંતુ તેમને અપાયો નહોતો.'વધુમાં એવી રજૂઆત કરી હતી કે,'તેમણે આ મામલે રજૂઆતો અને તપાસ કરતાં એવું જણાવાયુ હતું કે અરજદારનો સેકન્ડયર LLBમાં પાસ ક્લાસ આવ્યો હોવાથી તેઓ પોસ્ટ માટે અયોગ્ય છે. જો કે, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના રૂલ્સ-૨૦૦૮માં સ્પષ્ટ કરાયું છે LLBના ત્રણ વર્ષની ડિગ્રી પૂર્ણ કરતાં તેને કાયદાના સ્નાતકની ડિગ્રી ગણવાની રહેશે. તેમ છતાંય કોર્પોરેશને બે વર્ષને સ્નાતક ગણીને અરજદારને પરીક્ષામાં બેસવા દેવાનો ઈન્કાર કર્યો છે. કોર્પોરેશને એની જાહેરાતમાં LLBની ડિગ્રીને પ્રાધાન્ય અપાશે તેમ કહ્યું હતું, પરંતુ સેકન્ડયરને કાયદામાં સ્નાતકની ડિગ્રી ગણાશે તેવી કોઈ સ્પષ્ટતા કરી નથી. તેથી અરજદારના થર્ડ LLBના માર્ક્સ અને તેને જ સ્નાતકની ડિગ્રી ગણવામાં આવે. વચગાળાની રાહત રૂપે નવમી જૂનના રોજ યોજાનારી પરીક્ષામાં બેસવા દેવામાં આવે. હાઈકોર્ટે અરજદારને વચગાશળાની રાહત આપી પરીક્ષા માટેનો કોલ લેટર આપવાનો આદેશ કર્યો છે.

# ગુજરાતના ક્રિકેટ ખેલાડીને માધવરાવ સિંધિયા એવોર્ડ

## ઓપનિંગ બેટ્સમેન પ્રિયાંક પંચાલને ૨૦૧૬-૧૭ની ડોમેસ્ટિક સિઝનમાં સૌથી વધુ રન નોંધાવવા બદલ ભારતીય ક્રિકેટ બોર્ડ બીસીસીઆઈનો એવોર્ડ

ગાંધીનગર, તા. ૬

ગુજરાતના ઓપનિંગ બેટ્સમેન પ્રિયાંક પંચાલને ૨૦૧૬-૧૭ની ડોમેસ્ટિક સિઝનમાં સૌથી વધુ રન નોંધાવવા બદલ ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)નો માધવરાવ સિંધિયા એવોર્ડ એનાયત કરાશે. ૧૨મી જૂને બેંગલોર ખાતે યોજાનારા એક સમારંભમાં બીસીસીઆઈ દ્વારા પ્રિયાંકને આ એવોર્ડ એનાયત કરાશે જેમાં સિંધિયા ટ્રોફી ઉપરાંત ૨.૫૦ લાખનો રોકડ પુરસ્કાર પણ એનાયત થશે.

છેલ્લા કેટલાક વર્ષથી ગુજરાતના આધારભૂત બેટ્સમેન રહેલા પ્રિયાંક પંચાલે ૨૦૧૬-૧૭ની સિઝનમાં ગુજરાત માટે જ નહીં પરંતુ ભારતીય ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી વધુ રન નોંધાવ્યા હતા. તેણે ૨૦૧૬-૧૭ની સિઝનમાં ૧૧ મેચ રમીને ૧૪૧૩ રન નોંધાવ્યા હતા જેમાં પાંચ સદી અને પાંચ અડધી સદીનો સમાવેશ થતો હતો. તેણે ૮૩.૧૧ની સરેરાશથી રન નોંધાવ્યા હતા.

૨૦૧૬-૧૭ની સિઝનમાં ગુજરાતની ટીમ રણજી ચેમ્પિયન બની હતી જેમાં પ્રિયાંક અને સમિત ગોહીલે ગુજરાત માટે ત્રેવડી સદી ફટકારી હતી. પ્રિયાંકે પંજાબ સામે બેલગામ ખાતે ૩૧૪ અને મુંબઈ સામે હુબલી ખાતે ૨૩૨ રનની ઈનિંગ્સ રમી હતી. આમ ગુજરાત માટે રણજી ટ્રોફીમાં ત્રેવડી સદી નોંધાવનારો તે પ્રથમ બેટ્સમેન બન્યો હતો. જોકે તેના એક જ મહિનામાં સમિત ગોહીલે ૩૫૯ રન ફટકારીને પ્રિયાંકનો રેકોર્ડ તોડ્યો હતો.

ગુજરાત માટે ૨૦૦૮-૦૯ની સિઝનથી કારકિર્દીનો પ્રારંભ કર્યા બાદ પ્રિયાંક અત્યાર સુધીમાં ૬૩ મેચ રમી ચૂક્યો છે જેમાં તેણે ૪૭.૦૪ની સરેરાશથી ૪૪૬૯ રન નોંધાવ્યા છે જેમાં ૧૫ સદી અને ૧૫ અડધી સદીનો સમાવેશ થાય છે. તેણે નવેમ્બર ૨૦૧૧માં દિલ્હી સામેની વલસાડ ખાતેની રણજી ટ્રોફી મેચમાં એક પણ રન આપ્યા વિના ત્રણ વિકેટ પણ ઝડપી હતી.

# સરકારી મેડિકલ કોલેજોમાં મેરિટ ઊંચું રહેવાની શક્યતા

## ગુજરાતમાંથી વધુ વિદ્યાર્થી પાસ થતાં અને હાયર મેરિટમાં વધુ વિદ્યાર્થી આવતાં મેરિટ ઉંચું જવાની શક્યતા

ગાંધીનગર, તા. ૬

આ વર્ષે ગત વર્ષ કરતા ઘટાડો નોંધાયો છે. પરિણામ એકંદરે નબળુ રહ્યુ છે પરંતુ ગુજરાતમાંથી વધુ વિદ્યાર્થી પાસ થતા અને હાયર મેરિટમા વધુ વિદ્યાર્થી આવતા મેરિટ ઉંચુ જવાની શક્યતા છે.

સરકારી મેડિકલ કોલેજોમાં ગત વર્ષે ૯૪.૨૭ થી ૯૪.૩૪ ટકાની આસપાસ કટ ઓફ રહ્યો હતો. જ્યારે આ વર્ષે એકથી દોઢ ટકા ઊંચુ મેરિટ રહે તેવી શક્યતા છે. આ વર્ષે પ્રથમ નંબરે આવનારા વિદ્યાર્થીને ૬૭૫ માર્કસ છે જ્યારે ગત વર્ષે ૬૮૧ માર્કસ હતા.

આ ઉપરાંત આ વર્ષે હાયર મેરિટમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે મીડલ મેરિટ માર્કસમાં ઓછા વિદ્યાર્થીઓ છે. ગુજરાતની વાત કરીએ તો આ વર્ષે ગત વર્ષ કરતા ૪ હજારથી વધુ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેથી સરકારી મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે મેરિટ થોડું ઊંચુ રહી શકે છે. જ્યારે પ્રાઈવેટ મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે મેરિટ નીચું રહેવાની શક્યતા છે.

આ વર્ષે નીટના પરિણામમાં ગુજરાત બોર્ડના અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો દેખાવ ઘણો સારો રહ્યો છે. ગત વર્ષે ૪૭ હજાર જેટલા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ પરીક્ષામા બેઠા હતા. જ્યારે આ વર્ષે ૫૭ હજારથી વધુએ પરીક્ષા આપી હતી.

ગત વર્ષે ગુજરાતી ભાષામા પરીક્ષા ન લેવાતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા પરંતુ આ વર્ષે ગુજરાતી ભાષામાં પણ પરીક્ષા લેવાતા ૪૦૦ થી ૫૦૦ માર્કસ રેન્જમાં મોટી સંખ્યામાં ગુજરાતી માધ્યમના અને ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ પાસ થયા છે.

મેડિકલમાં આ વર્ષે બેઠકો ઘટતા ૪૦૫૦ બેઠકો છે. જ્યારે ડેન્ટલમાં ૧૧૫૫ બેઠકો છે. હોમિયોપેથીમાં ૩૨૮૦ અને આયુર્વેદિકમા ૧૮૨૦ બેઠકો છે.નેચરોપેથીની માત્ર ૩૦ બેઠકો છે.

## ડિગ્રી આર્કિટેક કોલેજમાં પ્રવેશ માટે નેશનલ કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર દ્વારા લેવાયેલી

# 'નાટા'નું પરિણામ જાહેર કરાયું ને અચાનક પાછું ખેંચી લેવાયું

ગાંધીનગર, તા. ૬

ડિગ્રી આર્કિટેક કોલેજમાં પ્રવેશ માટે નેશનલ કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર દ્વારા લેવાયેલી નાટાનું પરિણામ સોમવારે જાહેર કર્યા બાદ મંગળવારે અચાનક પાછું ખેંચી લેવાયું હતું. કયા કારણોસર પરિણામ પાછું ખેંચી લેવાયું તે અંગે પણ વિદ્યાર્થી-વાલીઓને કોઈપણ પ્રકારની જાણ ન કરતાં દ્વિધાભરી સ્થિતિ ઊભી થઈ હતી. જે વિદ્યાર્થીઓએ પોતાના સ્કોર મેળવી લીધા હતા તેમને હવે નવેસરથી સ્કોર મળશે તેવું કહેવામાં આવતાં સમગ્ર પરિણામ તૈયાર કરવામાં અંદરખાને ભારે ગોટાળા થયા હોવાની દહેશત પણ વાલીઓ દ્વારા વ્યક્ત કરાઈ હતી.

દેશની જુદી જુદી આર્કિટેક કોલેજોની બેઠકોમાં પ્રવેશ લેવા માટે કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર (COA) દ્વારા નાટા નેશનલ એપ્ટિટયૂટ ટેસ્ટ ઈન આર્કિટેક્ચર લેવામાં આવે છે. આ વર્ષે તા.૨૯મી એપ્રિલે નાટા લેવામાં આવી હતી. જેનું પરિણામ હવે તા.૭મી જૂને જાહેર કરવાની જાહેરાત કરાઈ છે. મહત્વની વાત એ કે તા.૪ જૂનના દિવસે જ નાટાનું પરિણામ જાહેર કરી દેવાયું હતું. વિદ્યાર્થીઓએ પોતાના સ્કોર એટલે કે મેરિટકાર્ડ પણ જોઈ લીધા હતા. વિદ્યાર્થીઓને મળેલા પરિણામના આધારે કઈ કોલેજમાં પ્રવેશ મળશે તેનું વિશ્લેષણ પણ શરૂ કરી દીધું હતું. આ સ્થિતિમાં અચાનક તા.૪ જૂન મોડી રાત્રે નાટાનું જાહેર કરાયેલું પરિણામ કાઉન્સિલ દ્વારા પાછું ખેંચી લેવાયું હતું. વિદ્યાર્થીઓએ સવારે ફરીવાર પોતાનું પરિણામ જોવા પ્રયાસ કર્યો ત્યારે એવું લખાણ જોવા મળ્યું કે અગાઉ જે પરિણામ આપવામાં આવ્યું છે તે રદ ગ?ણવું કારણ કે કેટલાક વિદ્યાર્થીઓના ખોટા સ્કોરકાર્ડ અપલોડ થઈ ગયા છે. નવું પરિણામ તા.૭મી જૂને જાહેર કરવામાં આવશે. કાઉન્સિલના અચાનક આ પ્રકારના નિર્ણયના કારણે દેશના હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓને ભારે આંચકો લાગ્યો હતો. કારણ કે જાહેર કરાયેલા પરિણામ કરતાં હવે પછી જાહેર કરાનારા પરિણામ વિપરિત આવે તો શું કરવું ? તેની સમસ્યા ઊભી થઈ હતી. વાલીઓના કહેવા પ્રમાણે કયા કારણોસર પરિણામ જાહેર કર્યા પછી પાછું ખેંચવામાં આવ્યું તે અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા પણ કરવામાં આવી નથી. મહત્વની વાત એ કે કાઉન્સિલનું સંચાલન દિલ્હીથી થતું હોવાના કારણે ગુજરાત સહિતના રાજયોના વિદ્યાર્થીઓ-વાલીઓએ કયા કારણોસર પરિણામ રદ કરાયું છે તેની જાણકારી અથ?વા તો ફરિયાદ કરવા કયાં જવું તેની પણ કોઈ ખબર નથી. સમગ્ર દિવસ દરમિયાન વાલીઓ અને વિદ્યાર્થીઓ પરસ્પર હવે શું કરવું ? તેની ચર્ચા કરતાં જોવા મળ્યા હતા. ગુજરાતમાં પ્રવેશની કાર્યવાહી કરતી એડમિશન કમિટીના સત્તાધીશોને આ અંગે પૂછતાં તેઓ પાસે પણ કોઈ જાણકારી નહોતી.

'નાટા' નું પરિણામ જાહેર કરાયા બાદ અચાનક પાછું ખેંચી લેવાની ઘટનાના કારણે વાલીઓએ મોટાપાયે ગેરરીતિની આશંકા વ્યકત કરી હતી. વાલીઓના કહેવા પ્રમાણે અમુક વિદ્યાર્થીઓના સ્કોર કાર્ડ ખોટા અપલોડ થઈ ચૂક્યા છે તેવો એકરાર કાઉન્સિલે કરી લીધો છે. આ સ્થિતિમાં કેટલાકના પરિણામ સુધારવા માટે પણ પરિણામ પાછું ખેચાયું હોવાની શકયતા નકારી શકાતી નથી. ગુજરાતમાં આર્કિટેકની ૧૬ હજાર જેટલી બેઠકો ઉપલબ્ધ છે. છેલ્લા બે વર્ષથી જે રીતે આર્કિટેકનો ક્રેઝ વધી રહ્યો છે તે જોતાં રજિસ્ટ્રેશનની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ફાર્મસીની જેમ આર્કિર્ટેકમાં પણ બેઠકો કરતાં વધારે વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થઈ રહ્યું છે આ સ્થિતિમાં કાઉન્સિલ દ્વારા પરિણામ જાહેર કર્યા બાદ અચાનક પરિણામ રદ કરાતા હજારો વિદ્યાર્થી-વાલીઓના જીવ તાળવે ચોંટી ગયા હતા.

# ૧૫ જૂન બાદ પ્રદૂષણ-ફિટનેસ સર્ટિ.વગર વાહનોનો વીમો ઉતારવો મોંઘો થશે

ગાંધીનગર, તા. ૬

૧૫ જૂન પછી પ્રદૂષણ અને ફિટનેસ સર્ટિફીકેટ વગર વાહનોનો વીમો ઉતારવો વીમા કંપ્રીઓ માટે મોંઘો પડી શકે છે. સરકારે વીમા કંપ્રીઓને કહ્યું છે કે તેઓ ફિટનેસ સર્ટિફીકેટ અને પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર વગર કોઈ પણ મોટર વાહનનો થર્ડ પાર્ટી વીમો બિલકુલ ન ઉતારે. યાત્રિક વાહનના વીમા માટે પ્રદૂષણ પ્રમાણપત્ર તથા માલવાહક વાહનના વીમા માટે પ્રદૂષણ અને ફિટનેસ પ્રમાણપત્ર બન્ને જ આવશ્યક છે.

આ અંગે સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તરફથી તમામ ઈસ્યોરન્સ કંપ્રીઓના ડાયરેકટરોને પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં ૧૦ ઓગસ્ટ ૨૦૧૭માં એમ. સી. મહેતા વિરુદ્ધ ભારત સરકાર અને અન્યના મામલામાં સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલા ચુકાદાનો હવાલો આપતાં કહેવામાં આવ્યુ છે કે એ કેસમાં સુપ્રીમ કોર્ટે તમામ વીમા કંપ્રીઓને આવા વાહનોનો નવો વીમો અથવા જૂની વીમા પોલિસી રિન્યુ ન કરવાનો નિર્દેશ આપ્યો હતો જેના પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર માન્ય ન હોય. સાથોસાથ એ વાતની પણ યાદ અપાવી હતી કે રજિસ્ટર્ડ થયેલા તમામ વાહનોનું ફિટનેસ સર્ટિફીકેટ હોવું આવશ્યક છે. મંત્રાલયે વીમા કંપ્રીઓને ૧૫ જૂન સુધી આ નિર્દેશોને લાગુ કરી મંત્રાલયને અવગત કરાવવાની તાકિદ પણ કરી છે.

મંત્રાલયના આ પત્રથી વીમા કંપનીઓ પરેશાન છે તો બીજી બાજુ પરિવહન નિષ્ણાતોએ આ નિર્ણય પણ ખુશી સાથે આશ્ચર્ય વ્યક્ત કર્યુ છે.

## ગુજરાતીઓ હાર્ટ સંબંધીત બીમારીઓમાં લાપરવાહ

# ગુજરાતીઓનાં હૃદયની વાસ્તવિક ઉંમર તેમની ઉંમર કરતાં ૧૦ વર્ષ વધારે છે

ગાંધીનગર,તા.૬

ગુજરાતનાં અંદાજે ૨૫૦૦ લોકોનાં હદય પર કરવામાં આવેલા સર્વેમાં એ વાત સામે આવી છે કે ગુજરાતીઓનાં હદયની વાસ્તવિક ઉંમર તેમની ઉંમર કરતા ૧૦ વર્ષ વધારે હોય છે. આ સર્વે યુએન મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજીનાં ડૉક્ટર્સે કર્યો છે. આ સ્ટડીને ઑક્સફર્ડ યૂનિવર્સિટી પ્રેસનાં જર્નલ ક્યૂજેએમમાં પબ્લિશ કરવામાં આવ્યો છે.

આ સ્ટડીનાં પ્રિંસિપલ ઈન્વિસ્ટિગેટર ડૉક્ટર કમલ શર્માએ કહ્યું કે, "આ સ્ટડી ૨૪૮૩ સ્વસ્થ વ્યક્તિઓનાં વૈસ્કયુલર એજ પર કરવામાં આવી હતી. આ લોકો અમારી પાસે હેલ્થ સ્ટેટસ જાણવા આવ્યા હતા." વૈસ્કયુલર એ જ કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં બ્લડ પ્રેશર, હાઈ કૉલેસ્ટ્રોલ, ડાયાબીટીસ જેવી ચીજોને માપવામાં આવી હતી.

આ સ્ટડીમાં ડૉક્ટર એસ સાહૂ, કેએસ શાહ, એકે પટેલ, એનડી જાધવ, એમએમ પરમાર અને કેએસ પટેલ પણ સામેલ રહ્યા હતા.

ડૉક્ટર્સનાં જણાવ્યા અનુસાર ગુજરાતી લોકોમાં હાઈ કૉલેસ્ટ્રોલ, હાઈ બીપી અને મોટા પેટની ચરબીનાં કારણે આ રીતની સમસ્યા વધે છે અને હાર્ટ સંબંધી બીમારીઓ થવાનો ખતરો રહે છે. ડૉક્ટર શર્માનું આ વિશે કહેવું છે કે, "કેલ્ક્યુલેશનમાં ૯.૫ વર્ષનું અંતર આવવુ તેનો મતલબ ફિઝિકલ ઉંમર કરતા હાર્ટની ઉંમર લગભગ ૧૦ વર્ષ વધારે છે."

# હાંફેલી વ્યક્તિ બાળપણ સાથે સંકળાયેલ સ્થાન-વ્યક્તિઓના સંપર્કમાં આવે છે ત્યારે...

## દુનિયા ઘુમી આવીએ પણ પોતાના વતન ન જઈ શકીએ તો વેકેશન વ્યર્થ લાગે છે




**શાળાઓમાં વેકેશન હવે પૂર્ણ થવાના આરે છે. સખત ગરમી અને અનેક વ્યસ્તતા વચ્ચે આપણામાંના ઘણાઓએ વતનની મુલાકાત લીધી હશે. દુનિયા ઘુમી આવીએ પણ પોતાના વતન ન જઈ શકીએ તો વેકેશન વ્યર્થ લાગે છે, હા એવું હોઈ શકે કે, અનેક સગવડો વચ્ચે જીવવાની આદતવાળા આપણે વતનમાં થોડી અગવડ અનુભવાય છતાંય શ્વાસમાં ત્યાંની હવા ભરી લેવા મન ઉત્સુક હોય, જૂના આડોશી-પાડોશી અને બાળ ગોઠિયાઓને મળવાથી અંતર પ્રફૂલ્લિત થઈ જાય**

બે દિવસ પહેલાં એક સરસ ઘટના બની.. સાંજના સમયે ફોનની રીંગ રણકી. કોઈ અજાણ્યા નંબરથી ફોન હતો. ફોન ઉપાડતાં આવેલો Hello અવાજ પણ અજાણ્યો લાગ્યો.

'હું પદ્મા બોલું, ડુમ્મસથી..' ખચકાટ સાથે મેં એક મિનીટ પોઝ લીધો. હું ઓળખવાનો પ્રયત્ન કરી રહી છું એ સામેવાળી વ્યકિત સમજી ગઈ અને તરત તેણીએ કહ્યું, 'ભૂલીગઈને? એ બીલીમોરાના વેકેશનની મસ્તી-તોફાન બધું ભૂલી ગઈ દેહૂ' (સુરતીભાષા) ઓહ!... અને એક ધબકાર ચૂકી ગઈ હું. એક સાથે મનમાં કેટલાય ચિત્રો ઉપસી આવ્યા... પછી આંખોમાં પાણી અને વાણીમાં લાગણીના ધોધ સાથે લાંબી વાત થઈ. સામે છેડેથી વાત કરનાર બાળમિત્ર પદ્મા અત્યારે ૬૦ વર્ષની વય આસપાસ પહોંચી હશે. નાના-મોટા બધા તોફાનીઓની એ લીડરે આજે અચાનક ક્યાંકથી ફોન નંબર હાથ લાગતાં ફોન કર્યો હતો....

એના એ ફોન પછી મનમાં વતન, વેકેશન અને સખાઓની સંગત યાદ આવી ગઈ. મન ભૂતકાળમાં સરી પડ્યું. બાળપણની હુંફાળી-વ્હાલભરી-મસ્તીભરી દુનિયા...

વતનમાં વડીલો, મિત્રો, પરિવારજનો સાથે આખું ગામ એક પરિવાર જેવું ભાસતું.એની ગલીકુંચી તો જાણે ઘરનો જ ભાગ હતાં. કોઈ ભેદભાવ કે રંજીશ વિનાના વેકેશનના એ દિવસો વતન મુકામે વીતાવવા એ તો આજની ફોરેન ટ્રીપ કરતાં પણ વધુ આકર્ષિત કરતું. બાળપણમાં એ કોરી સ્લેટ જેવું મન અને સમગ્ર અસ્તિત્વમાં ઉત્સાહનો થનગનાટ જયારે યાદમાં અનુભવાય ત્યારે આજે પણ ચહેરા પર હલકું સ્મિત ઝળહળી ઉઠે છે.

વતનના ગામની ભાગોળ, મંદિર, તળાવ... આપણી એવી યાદો ત્યાં વસેલી હોય કે કદાચ અત્યારની એની બિસ્માર હાલતથી થોડો થડકો અનુભવાય. કયારેક ત્યાં બીજુ કંઈક ઉભું થઈ ગયું હોય એવું પણ બને. તો પણ એ માટી, એ મેલું-ઘેલું વાતાવરણ, એ દેહાતીપણુ- એ બધું જ દુબઈની ઝાકમઝાળ કરતાં વધુ પ્યારું અને પોતીકું લાગે... જૂનુ લીંપેલૂં-ગૂંપેલુ ઘર અને આંગણું આંખ સામે તરવરી રહે. ગામના વડલાની શીતળ છાયા.. ભેંસની ગમાણની એ છાણની વાસ આપણા અસ્તિત્વને ભરી દે.. મનમાં શાતા અનુભવાય.

પ્રખ્યાત ગઝલ ગાયક શ્રી જગજીતસિંગે ગાયેલી ગઝલમાં પણ આ અનુભૂતિનું આબેહૂબ વર્ણન છે.

ગઝલના શબ્દો કંઈક આવા છે...


યે દોલત ભી લે લો... યે શોહરત ભી લે લો, ભલે છીન લો મુઝસે મેરી જવાની,
મગર મુઝકો લૌટા દો બચપન કા સાવન,
વો કાગઝ કી કશ્તી, વો બારીસ કા પાની...

ઘણા વર્ષો પહેલાં મનહર ઉધાસે ગાયેલું "ચિઠ્ઠી આઈ હૈ, વતન સે ચિઠ્ઠી આઈ હૈ" ખૂબ લોકપ્રિય થયેલું

થોડા સમય પહેલાં આવેલી ફિલ્મ 'સ્વદેશ'માં પણ આપણે વતન પ્રેમનું નિરૂપણ માણ્યું હતું.

દેશ-વિદેશમાં સમૃદ્ધિની છોળો વચ્ચે જીવતા માનવીને દેશથી-વતનથી આવતો એક ફોન પણ મોટી સૌગાદ સમાન લાગે છે. આપણે નજીકમાં જ હોવા છતાં કામ-વ્યસ્તતા વચ્ચે વતનની વાટ વિસરી જઈએ છીએ ક્યારેક...

વિદેશમાં કમાઈને વતન પર નાણું લૂંટાવનાર વિરલાઓ વિશે આપણે સમાચાર પત્રોમાં વાંચીએ અને અનેક જવાબદારી સાથે જીવતા-જીવતા માણસ જયારે થાક અનુભવે છે ત્યારે એ પાછું વાળીને જુએ છે અને એનું મન સીધું વતન અને બાળપણની સ્મૃતિઓમાં પહોંચી જાય છે. સૌથી નિર્દોષ આનંદનો એ સમય દરેક વ્યક્તિ માટે મહામૂલી મૂડી સમાન હોય છે. વતનની વાટ સાથે વ્યક્તિના મન અને જીવન બંનેને પોતાના મૂળભૂત સ્વરૂપને મળવાનો અવસર સાંપડે છે. ખૂબ બધી હરિફાઈ અને હુંસા-તુસીથી હાંફેલી વ્યક્તિ જયારે બાળપણ સાથે સંકળાયેલ સ્થાન અને વ્યકિતઓના સંપર્કમાં આવે છે ત્યારે મન પર હાવી તણાવનો ટોપલો ઉતરી જાય છે. દંભના અંચળા વિનાના સંબંધો મન-હૃદયને સુકુન આપે છે. દુનિયાના અનુભવોથી આંખો પર ચઢેલ અલગ-અલગ ચશ્મા (પૂર્વગ્રહો) પણ ઉતારીને મૂકવાનો અવસર સાંપડે છે. કહેવાય છે ને કે, મૃત્યુ સમયે વ્યક્તિ પોતાના બાળપણમાં પહોંચી ગયાનું અનુભવે છે... મનુષ્ય જીવનને યથાર્થ કરતી પળોની સ્મૃતિ સાથે માટીનો માનવી ફરી માટીમાં ભળી જાય છે. ત્યારે 'જીવ' પણ એના વતનની વાટ પકડે છે.



આ બધુ જ ફિલ્મો, ગીતો, ગઝલો એવા માધ્યમો છે જેના દ્વારા વ્યક્તિ થોડા સમય પૂરતો પણ એ અહેસાસ અનુભવી લે છે. આજ સુધીની પેઢીના સહુમાં વતન અને બાળપણની મીઠી યાદો સંઘરાઈને પડેલી છે. શકય છે આજના બધા યુવાનો એટલાં નસીબવંતા નથી. કેટલાંક વિદેશમાં છે તો કેટલાંક વતનથી દૂર મોટાં શહેરોમાં. પણ આ આધુનિક જમાનાનો યુવાન પણ કયારેક વાતોમાં વતનનો ઉલ્લેખ કરવાનો આવે ત્યારે રોમાંચ તો અચૂક અનુભવે છે. મોટેરાઓ પાસે સાંભળેલી વાતો અને છુટી છવાઈ યાદોથી એ પોતાના વર્તમાનને વતન સાથે જોડી રાખે છે, અને એના આ જોડાણને મજબૂત બનાવી રાખવાની જવાબદારી જૂની પેઢીએ નિભાવવાની છે. વતન છોડીને સખત પરિશ્રમ, દોડધામ જ છીએ.

શાળાઓમાં વેકેશન હવે પૂર્ણ થવાના આરે છે. સખત ગરમી અને અનેક વ્યસ્તતા વચ્ચે આપણામાંના ઘણાઓએ વતનની મુલાકાત લીધી હશે. દુનિયા ઘુમી આવીએ પણ પોતાના વતન ન જઈ શકીએ તો વેકેશન વ્યર્થ લાગે છે. હા એવું હોઈ શકે કે, અનેક સગવડો વચ્ચે જીવવાની આદતવાળા આપણે વતનમાં થોડી અગવડ અનુભવાય છતાંય શ્વાસમાં ત્યાંની હવા ભરી લેવા મન ઉત્સુક હોય. જૂના આડોશી-પાડોશી અને બાળ ગોઠિયાઓને મળવાથી અંતર પ્રફૂલ્લિત થઈ જાય. દાદા-દાદી, નાના-નાની, કાકા-મામા, માસી-ફોઈ સાથે વીતેલી પળોના કિલ્લોલનો ગુંજારવ કાનમાં અમૃત ઘોળે.